સામાજીક શૈક્ષણિક પછાત જાતિઓના
વર્ગમાં Nomadic તથા Denotified
અતિપછાત જાતિઓ માટે સ્વરોજગારી
માટે નાણાકીય સહાય અંગેની માનવ
ગરીમા યોજનાના અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ/૧૪૦૭/૯૫૧–અ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :- 2007

વંચાણે લીધા :–

(૧) સમાજ કલ્યાણ વિભાગના તા.૮/૧૨/૧૯૯૫ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૪૯૫/ન.બા.૮–અ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૯/૫/૨૦૦૦ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૪૯૯–ન.બા.૯–અ

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૮/૧૨/૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક: સશપ–૧૪૯૯–ન.બા.૯–૧૩૮૨(૦૪)–અ

ઠરાવ :–

આમુખમાં દર્શાવેલ ઠરાવોથી સામાજીક શૈક્ષણિક રીતે પછાત જાતિઓ ના વર્ગમાં સ્વરોજગારી માટે નાણાકીય સહાય અંગેની માનવ ગરિમા યોજના અમલમાં છે. માનવ ગરિમા યોજના હેઠળ સામાજીક શૈક્ષણિક પછાતવર્ગો વિચરતી અને વિમુક્ત જાતિના તેમજ અતિપછાત જાતિઓના લોકો માટે સાધન સહાય આપવાની યોજના છે. છેલ્લે આમુખમાં દર્શાવેલ (ક્રમ:૩) તા.૨૮/૧૨/૨૦૦૪ ના ઠરાવથી તેમાં દર્શાવેલ વ્યવસાયો માટે રૂા.૩૦૦૦/– ની મર્યાદામાં ટુલ્સકીટ (સાધનો) આપવાનું ઠરાવેલ છે. આ યોજનાનો લાભ આપવાની પાત્રતાના નિયમો સુધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગે પુખ્ત વિચારણાના અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

૨. SEBC જાતિઓ પૈકી વિચરતી અને વિમુક્ત જાતિઓ ( Nomadic તથા Denotified castes) અને અતિપછાત જાતિઓ માટે આવક મર્યાદાનું ધોરણ આથી દૂર કરવામાં આવે છે. એટલે કે આ જાતિ સમૂહોઓના લાભાર્થીઓને આવકનુ પ્રમાણપત્ર રજૂ કરવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

(પાછળ)

૩. આ યોજનાના ઠરાવ/મૂળ યોજનાની બાકીની શરતો યથાવત રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની નાણા સલાહકારશ્રીની તા.૧૬/૭/૨૦૦૭ અને અગ્ર સચિવશ્રી (ખર્ચ) ની તા.૧૭/૭/૨૦૦૭ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.ડી.જાડેજા)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
માન.-રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.-મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.-સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ તથા બોર્ડ/કોર્પોરેશન.
-વિભાગની તમામ શાખાઓ.
-નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
-જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ,અમદાવાદ/વડોદરા/સૂરત/રાજકોટ/ભાવનગર/જામનગર/જૂનાગઢ/સાબરકાંઠા/ગાંધીનગર
-સર્વે જલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (વિ.જા)
-<u>સિલેકટ ફાઈલ</u>

ટીઆરવી-૦૭-૨૯